# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાતની 126મી કડીમાં આગામી તહેવારોમાં લોકોને સ્વદેશી વસ્તુઓની ખરીદી કરવા આહ્વાન કર્યું.
2. પ્રધાનમંત્રીએ નાગરિકોને ગાંધી જયંતીના નિમિત્તે ખાદીની વસ્તુ ખરીદીને કારીગરોને પ્રોત્સાહિત કરવા અપીલ કરી , શહિદ ભગતસિંહ અને લ ત્તા મંગેશકરને શ્રદ્ધાંજલિ અર્પી.
3. તામિલનાડુના કરૂરમાં સર્જાયેલી નાસભાગની દુર્ઘટનામાં મૃતકોના વારસદારોને બે- બે લાખ રૂપિયાની સહાયની પ્રધાનમંત્રીએ જાહેરાત કરી.
4. ઈરાને જર્મની, ફ્રાન્સ અને બ્રિટનમાંથી પોતાના રાજદૂતોને પરત બોલાવી લીધા
5. દુબઇ ખાતે આજે એશિયા કપ **T-20** ક્રિકેટની ફાઇનલમાં ભારત અને પાકિસ્તાનનો મુકાબલો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM MAN KI BAAT (PAGE 1)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લોકોને આગામી તહેવારોની મોસમ સ્વદેશી ઉત્પાદનો સાથે ઉજવવા અને વોકલ ફોર લોકલને તેમનો જીવન મંત્ર બનાવવા વિનંતી કરી. આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમમાં વિચારો શેર કરતા, શ્રી મોદીએ ટિપ્પણી કરી કે આગામી દિવસોમાં એક પછી એક તહેવારો આવી રહ્યા છે અને જીએસટી બચત ઉત્સવ પણ ચાલી રહ્યો છે. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત ઉત્પાદનો ખરીદવાનો સંકલ્પ કરવા હાકલ કરી.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી –લોકલ ફોર વોકલ

શ્રી મોદીએ એ પણ ભાર મૂક્યો કે તહેવારોની મોસમ દરમિયાન સ્વચ્છતા ફક્ત ઘરો સુધી મર્યાદિત ન હોવી જોઈએ , પરંતુ શેરીઓ , પડોશ, બજારો અને ગામડાઓ સુધી વિસ્તરવી જોઈએ.

તેમણે કહ્યું કે ગાંધી જયંતિ બીજી ઓક્ટોબર ગાંધી જયંતિ નિમિત્તે ઉજવવામાં આવશે. પ્રધાનમંત્રી મોદીએ દરેકને બીજી ઓક્ટોબરના રોજ ખાદી ઉત્પાદન ખરીદવા અને તેને સોશિયલ મીડિયા પર હેશટેગ - વોકલ ફોર લોકલ સાથે શેર કરવા વિનંતી કરી.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી - ખાદી

શ્રી મોદીએ આજે સ્વાતંત્ર્ય સેનાની ભગતસિંહ અને ગાયિકા લતા મંગેશકરની જન્મજયંતિ હોવાને કારણે બંનેને શ્રધ્ધાંજલી અર્પી હતી.

## બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી – ભગતસિંહ – લતા

# PM MAN KI BAAT (PAGE 2)

પ્રધાનમંત્રીએ ખુશી વ્યક્ત કરી કે છઠ પૂજા હવે વૈશ્વિક ઉત્સવમાં ફેરવાઈ રહી છેતેમણે કહ્યું કે જ્યારે છઠ પૂજાને યુનેસ્કોની યાદીમાં સામેલ કરવામાં આવશે, ત્યારે વિશ્વના દરેક ખૂણાના લોકો તેની ભવ્યતા અને દિવ્યતાનો અનુભવ કરી શકશે. શ્રી મોદીએ નોંધ્યું કે સરકારના આવા જ પ્રયાસોને કારણે , કોલકાતાની દુર્ગા પૂજા પણ યુનેસ્કોની યાદીનો ભાગ બની છે.

તેમણે વિજયા દશમીના તહેવારનો ઉલ્લેખ કરીને તે દિવસના રાષ્ટ્રિય સ્વંયસેવક સંઘના સ્પાથના દિવસની પણ વાત કરીને કુદરતી આપત્તી વખતે આરએસએસના સ્વંયસેવકોના સેવા યજ્ઞને પણ યાદ કર્યા હતા.

**<u>બાઇટ- નરેન્દ્ર મોદી, આરએસએસ ડે</u>**

. . . . . . . . . . . . . .

# BIHAR-VICE-PRESIDENT

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને કહ્યું કે ભાષાઓ અને બોલીઓની વિવિધતા હોવા છતાં, ભારત એક છે કારણ કે તે ધર્મ દ્વારા બંધાયેલું છે.

શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે દેશભરની ભાષાઓ , સાહિત્ય અને સંસ્કૃતિ ની અભિવ્યક્તિના સમાન મૂલ્યો ધરાવે છે અને વિભાજનને દૂર કરવામાં મદદ કરે છે. પટણામાં સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત સાહિત્ય મહોત્સવ ઉન્મેષની ત્રીજી આવૃત્તિના સમાપન સમારોહને સંબોધતા , ઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ઉન્મેષ જેવા કાર્યક્રમો એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

બિહારની સમૃદ્ધ સંસ્કૃતિ , વારસો અને પરંપરાઓ પર પ્રકાશ પાડતા , તેમણે કહ્યું કે બિહાર ભગવાન મહાવીરની ભૂમિ પણ છે, જેમણે અહિંસાના સિદ્ધાંતનો પ્રચાર કર્યો હતો જેણે પાછળથી મહાત્મા ગાંધીને પ્રેરણા આપી હતી. ઉપરાષ્ટ્રપતિએ લોકનાયક જયપ્રકાશ નારાયણના નેતૃત્વમાં સંપૂર્ણ ક્રાંતિ ચળવળની તેમની યાદો પણ શેર કરી.

. . . . . . . . . . . . . .

# PM-EX-GRATIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુના કરુરમાં રાજકીય રેલીમાં બનેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનામાં મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા અને ઇજાગ્રસ્તોને પચાસ હજાર રૂપિયાની ની સહાયની જાહેરાત કરી છે.

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને જીવ ગુમાવનારાઓના પરિવારજનો માટે 10 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. ICUમાં સારવાર લઈ રહેલા લોકોને એક લાખ રૂપિયાની સહાય અપાશે.મુખ્યમંત્રીએ ઘટનાની તપાસ માટે વડી અદાલતના નિવૃત ન્યાયાધીશ જસ્ટિસ અરુણા જગદીસનના નેતૃત્વમાં એક સભ્યના કમિશનની જાહેરાત કરી છે.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી સહિતના મહાનુભાવોએ આ ઘટના અંગે દુખ વ્યકત કર્યું.કેન્દ્ર સરકારે તમિલનાડુ સરકારને આ ઘટના અંગે અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

વિજય થાલાપતિની રેલીમાં થયેલી નાસભાગમાં 39ના મોત થયા છે.જ્યારે 50થી વધુ લોકો વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# MARATHWADA---RAIN

મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રમાં, ભારે વરસાદથી ચારના મોત થયા છે , જ્યારે વરસાદને કારણે 200થી વધુ ઘરોને આંશિક નુકસાન થયું છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે લાતુરમાં બેલાસંગવી ગામ જ્યારે ધારાશિવમાં, છ ગામોનો સંપર્ક તૂટી ગયો હતો.બીજી તરફ પરાંડા તાલુકામાં , વીસ ગામમાંથી ત્રણ હજાર છસોથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું છે.

હવામાન વિભાગે 30 સપ્ટેમ્બર સુધી મરાઠવાડા સહિત મહારાષ્ટ્રના ઘણા જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

. . . . . . . . . . . . . . .

# DURGA-PUJA---WB

પશ્ચિમ બંગાળ સહિત દેશભરમાં આજથી દુર્ગા પૂજા મહોત્સવનો પ્રારંભ થયો છે. આજે ષષ્ઠિ તિથીએ મા દુર્ગાને આમંત્રણ આપવા 'બોધન', અને ' 'અધિવાસ' જેવી વિવિધ ધાર્મિક વિધિઓ કરવામાં આવી રહી છે.આ પુજામહોત્સવ દશમી તિથીએ પ્રતિમા વિસર્જન સાથે સમાપ્ત થશે.

# IRAN---ENVOYS

ઈરાને જર્મની, ફ્રાન્સ અને બ્રિટનમાંથી પોતાના રાજદૂતોને પરત બોલાવી લીધા છે. 15 સભ્યોની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો પુનઃસ્થાપિત કરવામાં રશિયા અને ચીન નિષ્ફળ ગયા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાના રાજદૂતે પશ્ચિમી શક્તિઓ પર રાજદ્વારી પ્રક્રિયાને નબળી પાડવાનો આરોપ લગાવ્યો છે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પત્રકારોને જણાવ્યું કે પ્રતિબંધોના જવાબમાં ઈરાનનો પરમાણુ અપ્રસાર સંધિમાંથી ખસી જવાનો કોઈ ઈરાદો નથી.તેમણે કહ્યું કે અમેરિકા વર્ષ 2015ના પરમાણુ કરારને પુનર્જીવિત કરવાના પ્રયાસોને અવરોધિત કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# UN-SECRETARY-GENERAL-CONDEMN

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે યમનમાં ઇઝરાયલ અને હુથીઓ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષની નિંદા કરી છે. મહાસચિવના પ્રવક્તા , સ્ટીફન ડુજારિકે જણાવ્યું કે શ્રી ગુટેરેસ આ ક્ષેત્રમાં તણાવ વધવાના જોખમ અંગે ખૂબ ચિંતિત છે અને તેમણે તમામ પક્ષોને સંયમ રાખવા વિનંતી કરી છે. તેમણે નાગરિકોની સલામતીની ખાતરી કરવા હાકલ કરી છે.

બુધવારે હુથીઓએ ઇઝરાયલના ઇલાત શહેર પર કરેલા ડ્રોન હુમલામાં 20 લોકો અને ગુરુવારે , ઇઝરાયલે યમનની રાજધાની પર કરેલા હવાઈ હુમલામાં બાળકો સહિત નવના મોત અને 150 થી વધુ ઇજાગ્રસ્ત થયા હતા.

. . . . . . . . . . . . . . . . . . .

# TRUMP US-TROOPS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોર્ટલેન્ડ , ઓરેગોનમાં સૈનિકો તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. તેમણે સૈનિકોને ઇમિગ્રેશન અટકાયત કેન્દ્રોને લક્ષ્ય બનાવીને થઈ રહેલા વિરોધ પ્રદર્શનો અટકાવવા સંપૂર્ણ બળનો ઉપયોગ કરવાની સત્તા આપી છે. દરમ્યાન ઓરેગોનના ગવર્નર ટીના કોટેકે જણાવ્યું કે પોર્ટલેન્ડ રાષ્ટ્રીય સુરક્ષા માટે કોઈ ખતરો નથી.

ગઈકાલની જાહેરાત ગેરકાયદે ઇમિગ્રેશન પર ટ્રમ્પ વહીવટીતંત્રની વ્યાપક કાર્યવાહી વચ્ચે વિવિધ શહેરોમાં સૈનિકો તૈનાત કરવાના વિસ્તરણને ચિહ્નિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . .

# ASIA-CUP-CRICKET

ભારત આજે દુબઈમાં એશિયા કપ T20 ક્રિકેટ મેચની ફાઇનલમાં પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે. એશિયા કપના 41 વર્ષના ઇતિહાસમાં આ પહેલીવાર બનશે. જ્યારે બંને ટીમો ફાઇનલમાં એકબીજા સામે ટકરાશે. ભારતે અત્યાર સુધીમાં આઠ વખત એશિયા કપ જીત્યો છે. આ વર્ષે, બંને ટીમો ટૂર્નામેન્ટમાં ત્રીજી વખત એકબીજા સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# ISSF-JUNIOR-WORLD-CUP

રાઈફલ, પિસ્તોલ અને શોટગન જુનિયર વર્લ્ડ કપમાં ભારતે 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ જુનિયર ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

કપિલ અને રશ્મિકા સેહગલે 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ ઇવેન્ટની ફાઇનલમાં ભારતને સ્પર્ધાનો ત્રીજો સુવર્ણ ચંદ્રક અપાવ્યો હતો.આ સાથે ભારત મેડલ ટેલીમાં ટોચના સ્થાને રહ્યું.

ભારતના હરમેહર સિંહ લાલી ચોથા સ્થાને અને અતુલ સિંહ રાજાવત પાંચમા સ્થાને રહ્યા હતા. આ સ્પર્ધાનું આયોજન નવી દિલ્હીમાં ડૉ. કરણી સિંહ શૂટિંગ રેન્જ ખાતે કરાયું હતું.

. . . . . . . . . . . . . . . . . . . .

## WORLD-SEAFOOD-CONGRESS-(WSC)

ભારત 2026માં પ્રથમ વખત વર્લ્ડ સીફૂડ કોંગ્રેસનું આયોજન કરાશે.ચેન્નાઈમાં યોજાનાર આ દ્વિવાર્ષિક સમ્મેલનમાં વિશ્વભરના ઉદ્યોગ નેતાઓ , નીતિ નિર્માતાઓ અને સંશોધકો ભાગ લેશે. ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશનના જણાવ્યા અનુસાર 2025માં જળચર પ્રાણી ઉત્પાદનોનો વિશ્વ વેપાર 1.7 ટકા વધીને 183.8 અબજ અમેરિકી ડોલર થશે , જ્યારે શેવાળની નિકાસ 15 અબજ અમેરિકી ડોલર સુધી પહોંચવાની ધારણા છે.